આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

ચારિત્ર્ય વગરનું જીવન એ સુગંધ વગરની અગરબત્તી જેવું છે
- વજુ કોટક

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૮૮ | ૧૮ સપ્ટેમ્બર, ૨૦૧૩, બુધવાર; ભાદરવા સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જન્મદિનની શુભેચ્છાઓ - રાજ્યના મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી પદના ઉમેદવાર શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૬૪માં જન્મદિને ગાંધીનગરમાં શુભેચ્છાઓ આપનારાઓનો મેળો જામ્યો હતો. રાજ્યના ખૂણેખૂણેથી સમાજના વિવિધ સમુદાયના પ્રતિનિધિઓ ટાઉનહોલ ખાતે ઉમટ્યા હતા. વહેલી સવારે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈએ તેમના માતુશ્રી પૂજ્ય હીરાબાના આશીર્વાદ મેળવવા સેક્ટર-૨૨ ખાતેના તેમના લઘુબંધુના નિવાસસ્થાને પહોંચ્યા હતા. હીરાબાએ વાત્સલ્યપૂર્વક દિકરાના ખભે હાથ ફેરવી મોં મીઠું કરાવી અને યથાર્થ ગીતા ગ્રંથ અર્પણ કર્યો હતો. ત્યારબાદ નરેન્દ્રભાઈ કેશુભાઈ પટેલના નિવાસસ્થાને અને જગન્નાથ મંદિરે મહાઆરતીમાં ભાગ લેવા ગયા હતા. બપોરે ૩-૩૦ કલાકે ટાઉનહોલ ખાતે ઉમેટેલા શુભેચ્છકોનું અભિવાદન ઝીલવા પહોંચ્યા ત્યારે દેખો દેખો કૌન આયાના સૂત્રોચ્ચાર વચ્ચે ભવ્યાતીભવ્ય સ્વાગત કરાયું હતું. ગુજરાતના સંતો-મહંતો, કલાકારો, મુસ્લિમ બિરાદરો, મહિલા આગેવાનો, રાજ્યની શૈક્ષણિક અને સાંસ્કૃતિક સંસ્થાઓના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં મુખ્યમંત્રીને શુભેચ્છા આપવા ઉમટ્યા હતા. એક તબક્કે સ્થિતિ કાબુ બહાર જતાં ટાઉનહોલના કાચના દરવાજાને ભારે નુકસાન પહોંચ્યું હતું. જોકે ઉપસ્થિત પોલીસ અધિકારીઓએ ગણતરીના મિનિટોમાં જ પરિસ્થિતિને કાબુમાં લીધી હતી.

જિલ્લાના ક્રેડિટ-ડિપોઝીટ રેસિયામાં બે ટકાનો ઘટાડો

સહકારી બેંકોનો ક્રેડીટ રેસિયો ખાનગી અને રાષ્ટ્રીયકૃત બેંકો કરતાં પણ ઊંચો : સ્વરોજગારીની યોજનાના ધિરાણો ઝડપથી મંજૂર કરવા ડૉ. મોડિયાનો આગ્રહ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં રૂ. ૨૪૦૦ કરોડથી પણ વધુની થાપણો વધવા સાથે રૂ. ૫૮૭ કરોડના વધારાના ધિરાણો બાદ પણ જિલ્લાનો ક્રેડીટ ડિપોઝીટ રેસિયો ૨ ટકા ઘટવા પામ્યો છે.

સમગ્ર અર્થતંત્રમાં મંદીનો માહોલ પ્રવર્તી રહ્યો છે તે આ ઉપરથી સ્પષ્ટ થાય છે. ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાની બેંકિંગ ક્ષેત્રની આજે યોજાયેલી સમીક્ષા બેઠકમાં આ ચોંકાવનારી હકીકત બહાર આવવા પામી છે.

અધિક નિવાસી કલેક્ટર ડૉ. એમ. બી. મોડિયાના અધ્યક્ષપદે મળેલી આજે જિલ્લા સ્તરની બેંકર્સ બેઠકમાં બેંકિંગ ક્ષેત્રને ધિરાણોમાં ખાસ કરીને પ્રાથમિક ક્ષેત્રના ધિરાણો તેમજ સરકાર સહાયિત યોજનાઓના લાભાર્થીઓની અરજીઓના ઝડપી નિકાલ માટે કડક તાકીદ કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

ભાદરવો તપે છે

ગરમીનો પારો ૩૭.૨ પર પહોંચ્યો

ભર ચોમાસે નાગરિકો પરસેવે રેબઝેબ

ગાંધીનગર, તા. ૧૭

આગ ઓકતી ગરમી અને તડકો આજકાલ અનુભવાઈ રહ્યો છે. મહત્તમ તાપમાન ૩૭.૨ ડિ.સે. પહોંચતા ગાંધીનગરાઓ આકરી ગરમીથી હેરાન પરેશાન થઈ ગયા છે.

ઋતુચક્ર ઉંધુ ફરી રહ્યુ હોય તેવું લાગી રહ્યું છે. માથુ ફાડી નાંખે તેવો આકરો તાપ પડી રહ્યો છે. પરસેવાથી રેબઝેબ થઈ જવાય તેવી આકરી ગરમીનો અનુભવ સૌને થઈ રહ્યો છે. ઉનાળામાં જેવી ગરમી પડે છે. તેવી જ ગરમી આજકાલ પડી રહી છે. વળી ભરપૂર ચોમાસા બાદ પડતો આ આકરો તાપ વસાહતીઓને અસહ્ય લાગી રહ્યો છે. દિવસ અને રાત એસી તથા કૂલ સ્પીડે પંખો ચલાવવો પડે તેવી સ્થિતિ છે. ચોમાસા બાદ આકાશ સ્વચ્છ થઈ જતાં ચામડીને બાળી નાંખી તેવો આકરો તાપ છેલ્લા બે-ત્રણ અઠવાડિયાથી પડી રહ્યો છે. વળી વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ ઉંચુ રહેતા ખુબ પરસેવો અને અકળામણ થાય છે. ભાદરવો ખુબ તપી રહ્યો છે. આગામી ત્રણ-ચાર અઠવાડિયા સુધી તડકાથી કોઈ રાહત મળે તેવી શક્યતા નથી.

વિદેશ મોકલવાના બહાને રૂપિયા ખંખેરનાર એજન્ટનું અપહરણ

રૂ. ૧.૬૦ લાખ લઈ લીધા બાદ પરત આપવામાં ગલ્લા તલ્લા કરતો હતો

રૂપિયા આપીને છોડાવી જજો કહીને ત્રણ શખ્સો એજન્ટને ઈડર ઉઠાવી ગયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના સે. ૬ ખાતે રહેતા એજન્ટે વિદેશ મોકલવાના બહાને ઈડરનાં યુવાન પાસે દશેક મહિના પહેલા લઈ લીધેલા રૂ. ૧.૬૦ લાખ પરત લેવા માટે ત્રણ શખ્સોએ મળીને ગાંધીનગર આવીને એજન્ટનું અપહરણ કરી લીધુ હતુ. એજન્ટની પત્નિએ જાણ કરતાં પોલીસ ઈડર પહોંચી ગઈ હતી અને ત્રણેય અપહરણકારોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગરના સેક્ટર-૬-બી માં રહેતા હેમંતભાઈ યોગેશભાઈ જોષીએ સાબરકાંઠાના ઈડર ખાતે સ્થિત લાલપુર ગામના હિરેન મણીભાઈ પટેલ પાસેથી રૂ. ૧.૬૦ લાખ વિદેશ મોકલવાના બહાને લઈ લીધા હતા. દશેક મહિના પહેલા રૂપિયા લીધા હોવા છતાં આજ દિન સુધી કાંઈ કામ ન થતાં રૂપિયા પરત લેવા યુવાને એજન્ટ પાસે અનેકવાર માંગણી કરી હતી. પરંતુ રૂપિયા પરત આપવામાં ગલ્લા-તલ્લા કરીને વારંવાર ધક્કા ખવડાવતા હિરેન તથા મણીભાઈ અમરતભાઈ પટેલ અને રાજુ પ્રભુદાસ પટેલ ત્રણેય ગઈ સવારે

● અનુસંધાન પાન-૭ પર

Dy.S.P. / DC / SO / TDO/ મામલતદાર / ચીફ ઓફીસરની નોકરી મેળવો...!
GPSC
1350+
ઈકોનોમિક બેચ-2014
ઓગસ્ટ-2013
100% ગેરંટી પૂર્વકનું શિક્ષણ
ગાંધીનગર શાખા માટે
05.9.2013 11-45 થી 1-15
06.10.2013 6-30 થી 9-00
31.10.2013 7-30 થી 9-00
મહેસાણા શાખા માટે
13.10.2013 5-00 થી 6-30
8.9.2013 5-30 થી 7
FREE
હોસ્ટેલ ફેસીલીટી
TCCI EDUCATION PVT. LTD.

મોદીની સુરક્ષામાં વધારો કરાયો : ૧૦૮ કમાન્ડો તૈનાત

ભાજપના વડાપ્રધાનના ઉમેદવાર બન્યા પછી સલામતિ વ્યવસ્થામાં સુધારો કરાયો

ગાંધીનગર, તા.૧૭

ભાજપના વડા-ધાનના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સલામતી વ્યવસ્થામાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યો છે. હવે તેમની સુરક્ષામાં ૩૬ નેશનલ સિક્યોરિટી ગાર્ડ-એનએસજી સહિત ૧૦૮ કમાન્ડો રહેશે. મોદી ભારતના મોસ્ટ ન્ટેક્ટેડ મેન બની ગયા છે.

કેન્દ્રના ગૃહ મંત્રાલયના આદેશ સાથે નેશનલ સિક્યોરિટી ગાર્ડે નરેન્દ્ર મોદીની સુરક્ષા વ્યવસ્થાનું પ્લાનિંગ કર્યુ છે. એનએસજીએ કમાન્ડોની સંખ્યા ૧૮ થી વધારીને ૩૬ કરી છે. આ સાથે મોદીને કુલ ૧૦૮ જેટલા કમાન્ડો સિક્યોરિટી આપશે. મોદી દેશભરમાં જયાં જયાં જશે ત્યાં તેમની સાથે આ કમાન્ડો સિફ્ટવાઈઝ રહેશે. આ સાથે સ્થાનિક પોલીસ દળ તરફથી તો સલામતી વ્યવસ્થા જાળવવાની રહેશે.

એન્ટી નેશનલ એલિમેન્ટ અને ત્રાસવાદના પડકારો વચ્ચે એનએસજી દેશના રાજકીય નેતાઓ માટે સ્પેશ્યલ પ્લાન નેટેક્ટ કરે છે. નરેન્દ્ર મોદી અત્યાર સુધી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અન્ય રાજયોમાં ચૂંટણી -ચાર કરવા કે પાર્ટીની બેઠકોમાં હાજરી આપવા જતા હતા પરંતુ હવે તેઓ વડા-ધાનના ઉમેદવાર તરીકે જવાના છે તેથી આ સલામતી વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી છે.

ભારતમાં નેતાઓને ચાર -કારની સુરક્ષા -દાન કરવામાં આવે છે જેમાં ઝેડ પ્લસ, ઝેડ, વાય અને એક્સ નો સમાવેશ થાય છે. નવા સુધારા -માણે ઝેડ પ્લસમાં ૩૬ કમાન્ડો આવે છે. ઝેડ કેટેગરીમાં ૨૨, વાયમાં ૧૧ અને એક્સ માં બે કમાન્ડો ફરજ ઉપર તેનાત હોય છે. સ્પેશ્યલ ન્ટેક્શન ગ્રુપ-ભારતના વડા-ધાનને

● અનુસંધાન પાન-૭ પર

હાર્દિક અભિનંદન
શ્રી શંકરભાઈ ચૌધરી
ચેરમેન-બનાસબેંક, પાલનપુર
શ્રી જીગરભાઈ દેસાઈ
વા. ચેરમેન-બનાસબેંક, પાલનપુર
જિલ્લાના ખેડૂતોના હિતમાં અનેકવિધ નિર્ણયો થકી બનાસબેંકને પ્રગતિના પંથે લઈ જઈ, સમગ્ર સંચાલક મંડળને જિન્દાદીલ ચૂંટીને, સતત ત્રીજુવાર લોકપ્રિય ચેરમેન તરીકે આપની વરણીને આવકારીને અભિનંદન પાઠવતાં ગર્વની લાગણી અનુભવીએ છીએ.
આપના ક્ષેત્રમાં બેંક ઉત્તરોત્તર પ્રગતિ સાધીને વિકાસની ઉત્તમ સિદ્ધિઓ હાંસલ કરે એ અભ્યર્થના સહ હાર્દિક શુભકામનાઓ...
લી. આપના સહકારી
• શ્રી દેવકાપડી સેવા સહકારી મં.લી., મુ. દેવકાપડી, તા. ભાભર
• શ્રી ગ્યાસણા સેવા સહકારી મં.લી., મુ. ગ્યાસણા, તા. ભાભર
• શ્રી ઉંજાણવાડા સેવા સહકારી મં.લી., મુ. ઉંજાણવાડા, તા. ભાભર
• શ્રી રોઈટા સેવા સહકારી મં.લી., મુ. રોઈટા, તા. ભાભર
• શ્રી ખાસ સેવા સહકારી મં.લી., મુ. ખાસ, તા. ભાભર
• શ્રી ઢાંડવ સેવા સહકારી મં.લી., મુ. ઢાંડવ, તા. ભાભર
• શ્રી ધાતરવા સેવા સહકારી મં.લી., મુ. ધાતરવા, તા. ભાભર
• શ્રી અબડા સેવા સહકારી મં.લી., મુ. અબડા, તા. ભાભર
• શ્રી તેતરવા સેવા સહકારી મં.લી., મુ. તેતરવા, તા. ભાભર
• શ્રી સુથારનેસડી સેવા સહકારી મં.લી., મુ. સુથારનેસડી, તા. ભાભર

India's Biggest Handicrafts & Handloom Exhibition cum Sale
SILK SAREES
COTTON SAREES
COTTON SUIT
KURTIES & TOPS
POTTERY
JUTE
BRASSWARES
JEWELLERY
TERRACOTTA
MUCH MORE
CONTACT: 09033960881, 09326774100
HANDICRAFT & HANDLOOM EXPO
5 TO 22 SEPT.
TIME: 11AM TO 10PM
SAYYAR GARBA GROUND, SECTOR-6, NEAR PETROL PUMP, GANDHINAGAR

મકાન વેચવાનું છે
પ્લોટ ૨૫૦ વાર
બાંધકામ ૨૫૦ વાર
જય મહાદેવ સોસાયટી, ગુજરાત વિદ્યાપીઠની બાજુમાં, ગામ : રાંધેજા, તા.જી. ગાંધીનગર
કિંમત : રૂ. ૪૨ લાખ
મો. : ૯૯૨૫૫ ૧૬૩૯૦